


# બાંધકામ વ્યવસ્થાપન માટે ટકાઉ માર્ગદર્શિકા

A GRIHA Council Publication



**પ્રકાશક:**

***GRIHA Council***
કોર 1B, ત્રીજો માળ
ઇન્ડિયા હેબિટેટ સેન્ટર, લોધી રોડ
નવી દિલ્હી – 110003

**ટેલિફોન:** (+91 11) 46444500/24339606-08)
**ઈમેઈલ આઈડી:** info@grihaindia.org
**વેબસાઈટ:** www.grihaindia.org

**નોંધ :**

1. લેખિત અને સચિત્ર સામગ્રી પરના તમામ હકો આરક્ષિત છે.
2. GRIHA Councilની પૂર્વ લેખિત પરવાનગી વિના આ પ્રકાશનનો કોઈપણ ભાગ કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમ દ્વારા પુનઃપ્રકાશિત કરી શકાશે નહીં.



GRIHA Council દ્વારા વિકસિત "બાંધકામ વ્યવસ્થાપન માટે ટકાઉ માર્ગદર્શિકા" માટેની પુસ્તિકા રજૂ કરતા અને તેને સંકલિત કરતા અમને ખૂબ જ આનંદ થાય છે. આજના સમયમાં, જ્યાં પર્યાવરણીય જવાબદારી અને સંસાધનોની કાર્યક્ષમતા સર્વોપરી છે, આ પુસ્તિકા બાંધકામ મેનેજરો, સુપરવાઇઝરો અને શ્રમિકો માટે એક માર્ગદર્શિકા તરીકે કામ કરે છે જેઓ જવાબદારીપૂર્વક નિર્માણ કરવા માટે પ્રતિબદ્ધ છે.

આ પુસ્તિકા બાંધકામ સ્થળ પરની બાંધકામ પ્રવૃત્તિઓ માટે યોગ્ય પદ્ધતિઓ પર વ્યાપક માર્ગદર્શન પૂરું પાડવા માટે ખૂબ જ ઝીણવટપૂર્વક તૈયાર કરવામાં આવી છે, જે માત્ર સંસાધનોની કાર્યક્ષમતા અને આપણા શ્રમિકોની સલામતી અને સુખાકારીને સુનિશ્ચિત નથી કરતી, પરંતુ આપણા પર્યાવરણનું રક્ષણ પણ કરે છે. આ પુસ્તિકામાં વૃક્ષોની જાળવણી, હવા અને જમીનનું રક્ષણ, જળ સંરક્ષણ, વસ્તુ અને કચરાનું વ્યવસ્થાપન  અને મજૂર સલામતી જેવા મૂળભૂત પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પુસ્તિકામાં, તમને બાંધકામની વિવિધ પ્રક્રિયાઓ અને પદ્ધતિઓ પરના વ્યવહારુ કિસ્સાઓ જોવા મળશે. હું આશા રાખું છું કે આ પુસ્તિકા બાંધકામ ઉદ્યોગ માટે એક સંદર્ભ માર્ગદર્શિકા પૂરી પાડશે અને સતત સુધારણા માટે પ્રયત્નશીલ રહેશે.

ચાલો આપણે સાથે મળીને બાંધકામ ઉત્કૃષ્ટતાના ઉચ્ચતમ ધોરણો જાળવીએ અને દરેક બાંધકામ સ્થળ  પર સલામતી અને નવીનતાની સંસ્કૃતિને  પ્રોત્સાહન આપીએ.

1. શું **વૃક્ષો** જાળવવામાં આવે છે?
2. શું **હવા** અને **જમીન** પ્રદૂષિત થઈ રહી છે?
3. શું **જળ** સંરક્ષણ કરવામાં આવે છે?
4. શું બાંધકામની **સામગ્રી** અને **કચરા**નું વ્યવસ્થાપન કરવામાં આવે છે?
5. શું મારા **કામદારો** સુરક્ષિત છે?

# શું વૃક્ષોનું જતન થયું છે?

મારા વૃક્ષો સુરક્ષિત રહે તે કેવી રીતે નિશ્ચિત કરવું?

વૃક્ષોનું જતન કરવું શા માટે મહત્વનું છે?

હરિયાળી જગ્યાઓ એ શહેરી જીવ-સૃષ્ટિના અભિન્ન અંગો છે. તે પર્યાવરણની ગુણવત્તામાં સુધારો, જીવનના યોગ્ય ધોરણો અને ટકાઉ શહેરી વિકાસમાં ફાળો આપે છે. પ્રદૂષણ, ઊર્જાનો વપરાશ, સામાજિક જગ્યાઓનો અભાવ, કાર્બન શોષણ વગેરે જેવી સમસ્યાઓ જે હાલના સમયમાં વધુ ગંભીર બની છે, તેનું સમાધાન કરવા માટે શહેરી સામાજિક-પારિસ્થિતિક તંત્રમાં હરિયાળા વિસ્તારોની અત્યંત આવશ્યકતા છે.

જોકે, વધતી જતી બાંધકામ પ્રવૃત્તિઓને કારણે વૃક્ષોના આવરણમાં તીવ્ર ઘટાડો થયો છે, જેના પરિણામે પ્રદૂષણના સ્તરમાં વધારો થયો છે અને શહેરી ઉષ્ણતામાનમાં વધારો જેવી અસરો ઊભી થઈ છે, જે કુદરતી પરિસ્થિતિકતંત્રને ખોરવે છે.

તેથી, પર્યાવરણ પર બાંધકામની હાનિકારક અસરોને ઘટાડવા માટે બાંધકામ સ્થળ પરની હાલની વનસ્પતિનું જતન કરવું અત્યંત મહત્વનું બની જાય છે.

## વૃક્ષો માટે બેરિકેડિંગની જોગવાઈ

બાંધકામના સ્થળો પર વૃક્ષોનું બેરિકેડિંગ કરવું એ વૃક્ષોના સ્વાસ્થ્યને જાળવવા, પર્યાવરણ પર થતી નકારાત્મક અસરો ઘટાડવા નિયમોનું પાલન કરવા અને ટકાઉ તથા સારી બાંધકામ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે આવશ્યક છે. વૃક્ષોના બેરીકેડિંગથી વૃક્ષોના ભૌતિક નુકસાનને રોકવા મૂળ તંત્રની જાળવણી, જમીનનું પ્રદૂષણ અટકાવવા, જમીનના સ્તરમાં થતા ફેરફારોને ઘટાડવા અને બાંધકામના કાટમાળથી રક્ષણ સુનિશ્ચિત કરે છે.

બેરિકેડિંગના સાધનો પરવડે તેવા અને વ્યવહારુ પરિબળોને આધારે પસંદ કરી શકાય છે, જેમ કે ગ્રીન શેડ નેટ, સિમેન્ટની ખાલી થેલીઓ, સ્ટીલના સળિયા, ઈંટો વગેરેનો ઉપયોગ કરીને.



▲ સૂક્ષ્મ જાળી દ્વારા સુરક્ષિત હાલના પુખ્ત વૃક્ષોનો સમૂહ

**પ્રોજેક્ટનું સ્થળ:** દમણ



▲ ચણતરના પથ્થરોનો ઉપયોગ કરીને વૃક્ષોનું દીવાલ વડે સંરક્ષણ (બેરિકેડિંગ) | **પ્રોજેક્ટનું સ્થળ:** ચંબા, હિમાચલ પ્રદેશ



▲ કોંક્રિટ બ્લોક્સનો ઉપયોગ કરીને વૃક્ષોનું બેરિકેડિંગ | **પ્રોજેક્ટનું સ્થળ:** જાજપુર, ઓડિશા



▲ સ્ટીલના સળિયા અને સેફ્ટી ટેપનો ઉપયોગ કરીને વૃક્ષોનું બેરિકેડિંગ | **પ્રોજેક્ટનું સ્થળ:** બિજનૌર, ઉત્તર પ્રદેશ



▲ લીલી જાળીનો ઉપયોગ કરીને વૃક્ષોનું બેરિકેડિંગ | **પ્રોજેક્ટનું સ્થળ:** હરિદ્વાર, ઉત્તરાખંડ



▲ લીલી જાળીનો ઉપયોગ કરીને વૃક્ષોનું બેરિકેડિંગ

**પ્રોજેક્ટનું સ્થળ:** દમણ



▲ લીલી જાળી અને ટેપનો ઉપયોગ કરીને વૃક્ષોનું બેરિકેડિંગ

**પ્રોજેક્ટનું સ્થળ:** બિજનૌર, ઉત્તર પ્રદેશ



▲ વૃક્ષોની સુરક્ષા માટે નકામા કોંક્રિટ બ્લોક્સનો પુનઃઉપયોગ

**પ્રોજેક્ટનું સ્થળ:** ચંબા, હિમાચલ પ્રદેશ



▲ વૃક્ષોની સુરક્ષા માટે નકામા કોંક્રિટ બ્લોક્સનો પુનઃઉપયોગ

**પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી

## વૃક્ષોનું જતન

વૃક્ષોનું જતન કરવું અનેક કારણોસર અત્યંત મહત્વનું છે. તેઓ કાર્બન ડાયોક્સાઇડ શોષીને અને ઓક્સિજન મુક્ત કરીને આબોહવા પરિવર્તનને ઘટાડવા માટે મહત્વપૂર્ણ કાર્બન સિંક તરીકે કામ કરે છે. સાથે જ, તેઓ વિવિધ વન્યજીવોને રહેઠાણ પૂરું પાડે છે અને જમીનની સ્થિરતા તથા જળ નિયમન જેવી ઇકોસિસ્ટમ સેવાઓમાં ફાળો આપે છે. વૃક્ષો છાંયો આપીને, તણાવ ઘટાડીને અને હવાની ગુણવત્તામાં સુધારો કરીને માનવ સ્વાસ્થ્ય અને સુખાકારીમાં વધારો કરે છે. વૃક્ષોનું જતન કરવાથી માત્ર નિવસનતંત્ર અને જૈવવિવિધતા જ જળવાતી નથી, પરંતુ તે આબોહવા પરિવર્તન સામે લડવાની શક્તિ પણ આપે છે અને આવનારી પેઢીઓ માટે ટકાઉ વિકાસને ટેકો આપે છે.

બાંધકામ સ્થળ પરના હાલના વૃક્ષોને સુરક્ષિત રાખવા માટે GRIHAની પ્રોજેક્ટ્સ ટીમ દ્વારા લેવામાં આવેલા પગલાં:

1


2


હાલના 7 વૃક્ષોની જમીન ધસી પડતી અટકાવવા માટે, શણના કાપડના 10 સ્તરોથી વૃક્ષોને વીંટાળવામાં આવ્યા હતા.

3


4




આ વૃક્ષો પર દરરોજ પાણીનો છંટકાવ કરવામાં આવતો હતો.

5


પ્રોજેક્ટના 20 મહિના પછી વૃક્ષોની વર્તમાન સ્થિતિ

**પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી, દિલ્હી

# શું હવા અને જમીન પ્રદૂષિત થઈ રહી છે?

હવાને સ્વચ્છ રાખવી શા માટે મહત્વપૂર્ણ છે?

બાંધકામ સ્થળની નજીક હવાનું પ્રદૂષણ એ સૌથી તાત્કાલિક પર્યાવરણીય અસર છે.

હવાનું પ્રદૂષણ મનુષ્યો અને પર્યાવરણ બંનેને અસર કરે છે. બાંધકામની પ્રવૃત્તિઓ ધૂળ, રજકણો (PM2.5/10) અને અન્ય પ્રદૂષકો હવામાં મુક્ત કરે છે. હવાની નબળી ગુણવત્તા કામદારોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે અને શ્વસન સંબંધી સમસ્યાઓ તરફ દોરી શકે છે.

લાંબા ગાળાનું હવાનું પ્રદૂષણ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિના ઘટાડા તરફ દોરી જાય છે અને જીવનશૈલીને વધુ ખરાબ બનાવે છે.

હવાનું પ્રદૂષણ સલ્ફર ડાયોક્સાઇડ અને નાઇટ્રોજન ઓક્સાઇડ મુક્ત કરે છે, જે પાણીની વરાળ સાથે ભળીને એસિડ વર્ષાનું નિર્માણ કરે છે.

જમીનનું સંરક્ષણ કરવું શા માટે મહત્વપૂર્ણ છે?

જમીનને મર્યાદિત, બિન-નવીનીકરણીય સ્ત્રોત તરીકે ગણવી જોઈએ કારણ કે ખડકોના રાસાયણિક અને જૈવિક ધોવાણ દ્વારા તેનું પુનર્જીવન થવામાં ઘણો લાંબો સમય લાગે છે.

બાંધકામ સમયે, પોષક તત્વોથી ભરપૂર જમીનના પ્રથમ સ્તરને સ્થળની અન્ય માટી સાથે ખોદી કાઢવામાં આવે છે અને બાંધકામ કચરાના નિકાલની જગ્યા સાથે અથવા ખાડા પૂરવા માટે વાપરવામાં આવે છે. ફેંકી દેવામાં આવે છે. જ્યારે તેને સ્થળ પર સંગ્રહિત કરવામાં આવે છે, ત્યારે પણ તે બાંધકામ સામગ્રી અને કચરાની સામગ્રી સાથે ભળી જાય છે, જે પ્રદૂષણ તરફ દોરી જાય છે. ચોમાસા દરમિયાન, બાંધકામ સ્થળ પરથી વધારાના વહેતા પાણીના નિકાલ માટે યોગ્ય માર્ગના અભાવે જમીનનું ધોવાણ થાય છે.



## બાંધકામ સ્થળની સીમા પર 3 મીટર ઊંચી બેરિકેડિંગની જોગવાઈ

બાંધકામની પ્રવૃત્તિની આસપાસ સતત 3 મીટર ઊંચી બેરિકેડિંગ બનાવવી આવશ્યક છે જેથી ઘેરાયેલો વિસ્તાર મળી રહે અને સાઇટની બહાર ધૂળની અવરજવર મર્યાદિત રહે.

3 મીટર ઊંચી બેરિકેડિંગ અસરકારક રીતે રજકણોને બાંધકામ સ્થળની અંદર જ રાખે છે.

બેરિકેડિંગ કાયમી સીમા દીવાલ, ગેલ્વેનાઇઝ્ડ આયર્ન શીટ્સથી બનેલી કામચલાઉ દીવાલો અથવા મજબૂત પવન દરમિયાન પડી જતી અટકાવવા માટે યોગ્ય ટેકા સાથેની ઝીણી જાળીના સ્વરૂપમાં હોઈ શકે છે. બેરિકેડિંગ સમગ્ર સીમા રેખા પર મજબૂત હોવી જોઈએ જે પ્રોજેક્ટ ટીમ માટે વ્યવહારિકતા સુનિશ્ચિત કરવાની સાથે હેતુને પૂર્ણ કરે.



▲ બાંધકામ સ્થળની સીમા પર 3 મીટર ઊંચી બેરિકેડિંગ | **પ્રોજેક્ટનું સ્થળ:** દમણ



▲ નક્કર કોંક્રિટ દીવાલ દ્વારા કરવામાં આવેલ બેરિકેડિંગ

**પ્રોજેક્ટનું સ્થળ:** ભુવનેશ્વર, ઓડિશા




▲ ગેલ્વેનાઈઝ્ડ આયર્ન શીટ્સ દ્વારા કરવામાં આવેલ બેરિકેડિંગ

**પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



▲ ગેલ્વેનાઈઝ્ડ આયર્ન શીટ્સ ઉમેરીને સ્થાયી બેરિકેડિંગની ઊંચાઈ વધારવામાં આવી

**પ્રોજેક્ટનું સ્થળ:** બેંગલોર, કર્ણાટક




▲ સીમા દીવાલ (બાઉન્ડ્રી વોલ) પરના લોખંડના સળિયાઓને સૂક્ષ્મ જાળીથી ઢાંકવામાં આવ્યા છે.

**પ્રોજેક્ટનું સ્થળ:** પલક્કડ, કેરળ

## ડી જી શેડમાં 2 મીટર ઊંચી ચિમની હોય તેની ખાતરી કરવી

ડીઝલ જનરેટરનો ધુમાડો વાતાવરણમાં કાર્બન મોનોક્સાઇડ, હાઇડ્રોકાર્બન, નાઇટ્રોજન ઓક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડ જેવા ઝેરી હવા પ્રદૂષકો ઉત્સર્જિત કરે છે. આ જોખમી વાયુઓ શ્વાસમાં લેવાથી માનવ સ્વાસ્થ્યને જોખમ થઈ શકે છે.

નિવારક પગલા તરીકે, ડી જી શેડને બાંધકામ ક્ષેત્રથી દૂર રાખવા જોઈએ અને ચીમનીની ઊંચાઈ કામદારોના કાર્યકારી વિસ્તારથી ઉપર હોવી જોઈએ જેથી ઝેરી હવા સીધી શ્વાસમાં લેવાનું ટાળી શકાય. જનરેટરની ઉપરના ભાગથી ઊંચાઈ ઓછામાં ઓછી 2 મીટર રાખવાની અને પાઇપના આઉટલેટ પર કૌલ આપવાની ભલામણ કરવામાં આવે છે.




▲ ડીઝલ જનરેટરની ચીમની (કૌલ સાથે) જેની સ્ટેક ઊંચાઈ ડી જી શેડની ટોચથી 2 મીટર છે.

**પ્રોજેક્ટનું સ્થળ:** ગોલાઘાટ, આસામ




▲ બાંધકામ સ્થળ પર રાખવામાં આવેલ ડીઝલ જનરેટર

**પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



▲ બાંધકામ ક્ષેત્રથી દૂરના સ્થળ પર રાખવામાં આવેલ ડીઝલ જનરેટર

**પ્રોજેક્ટનું સ્થળ:** માનેસર, હરિયાણા

## જોખમી સામગ્રીના ઢોળાવાથી થતા બગાડને અટકાવવાની યોજના

જમીનમાં જોખમી પદાર્થોનો નિકાલ એ કોઈપણ બાંધકામ સ્થળ પર જમીન પ્રદૂષણનું સામાન્ય કારણ છે. જમીન દ્વારા શોષાયેલ ઝેરી પદાર્થો ભૂગર્ભજળને પ્રદૂષિત કરી શકે છે અથવા, જો પાણીના નિકાલમાં છોડવામાં આવે તો, તેને નુકસાન પહોંચાડી શકે છે. અયોગ્ય રીતે સંભાળવા, નુકસાન અથવા તોડફોડને કારણે બાંધકામ દરમિયાન બળતણ અને લુબ્રિકન્ટ્સના ઢોળાવની ઘટનાઓ બની શકે છે.

આ સામગ્રીના સંગ્રહ માટે, નીચે મુજબના ઢોળાવ અટકાવવાના પગલાં અપનાવી શકાય છે:

બાંધકામ સ્થળ પર ઉપયોગમાં લેવાતી તમામ જોખમી સામગ્રીને સંગ્રહિત કરવા માટે સમર્પિત બંધ વિસ્તાર આપવો જોઈએ. સામગ્રીને અભેદ્ય સપાટી (જ્યાંથી પ્રવાહી લીક ન થાય તેવી સપાટી) પર રાખવી જોઈએ.

કોઈપણ ઢોળાવના કિસ્સામાં ઝેરી સામગ્રીને અભેદ્ય ખાડા તરફ વાળવા માટે પરિમિતિની સાથે ચેનલો બનાવવી જોઈએ.

સંગ્રહ વિસ્તારની નજીક 'સ્પિલ પ્રિવેન્શન કિટ' ઉપલબ્ધ હોવી જોઈએ, અને તેમાં હેન્ડગ્લોવ્ઝ (મોજા), પ્રવાહી શોષી લે તેવી સામગ્રી અને નિકાલ માટેની બેગનો સમાવેશ થવો જોઈએ.

પ્રવાહીને સ્થાનાંતરિત કરવા માટે યોગ્ય સાધનો (પંપ, ગળણી) નો ઉપયોગ કરવો જોઈએ અને આવું સ્થાનાંતરણ ફક્ત નિર્ધારિત વિસ્તારોમાં જ કરવું જોઈએ.

પ્રવાહી દૂર કરતી વખતે અથવા બદલતી વખતે કોઈપણ ઢોળાવને ઝીલવા માટે સેકન્ડરી કન્ટેનમેન્ટ (ડ્રેઇન પેન) આપવું જોઈએ.




▲ બાંધકામ સ્થળ પર ડીઝલ સ્ટોરેજ યાર્ડ | **પ્રોજેક્ટનું સ્થળ:** ચંબા, હિમાચલ પ્રદેશ



▲ કલેક્શન ટ્રે સાથે પેવિંગ (પાકી સપાટી) પર ઢાંકેલા વિસ્તારમાં સંગ્રહિત જોખમી સામગ્રી | **પ્રોજેક્ટનું સ્થળ:** પલક્કડ, કેરળ



▲ અભેદ્ય જમીન પર સંગ્રહિત જોખમી સામગ્રી | **પ્રોજેક્ટનું સ્થળ:** ગોલાઘાટ, આસામ

## બાંધકામ સ્થળના નિકાસ પર વ્હીલ વોશિંગની સુવિધા

આ સુવિધા પાણીથી ભરેલા એક સહજ ખાડા તરીકે બનાવવામાં આવે છે, જેથી વાહનોના ટાયર ધોઈ શકાય અને બાંધકામ સ્થળ પરનો બાંધકામનો કચરો ટાયરની સાથે બાંધકામ સ્થળની બહાર ન જાય.

આ ખાડાની લંબાઈ ટાયરના પરિઘ જેટલી હોવી જોઈએ જેથી તેની અંદર ટાયરનું ઓછામાં ઓછું એક રોટેશન પૂર્ણ થાય, જ્યારે પહોળાઈ વાહનની પહોળાઈ જેટલી હોવી જોઈએ અને તળિયું અભેદ્ય હોવું જોઈએ.



▲ સ્પ્રિંકલર્સનો ઉપયોગ કરીને ટાયરનું મિકેનિકલ વોશિંગ. પાણી એકત્ર કરવામાં આવે છે અને ફરીથી ધોવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



▲ બાંધકામ સ્થળના નિકાસ પર વ્હીલ-વોશિંગની સુવિધા | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



▲ મિકેનિકલ વ્હીલ-વોશિંગ સુવિધા દ્વારા ટ્રકના ટાયર ધોવાઈ રહ્યા છે. | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી

## બાંધકામ સ્થળના નિકાસ પર કાંકરી પાથરીને બનાવેલ લેયરની જોગવાઈ

વ્હીલ–વોશિંગ સુવિધા પૂરી પાડવાને બદલે, ટાયરમાંથી ગંદકી દૂર કરવા માટે વાહનોને કાંકરી પાથરીને બનાવેલ લેયર પરથી પસાર કરી શકાય છે. પરિમાણોની દ્રષ્ટિએ આની ડિઝાઇન વ્હીલ વોશિંગ સુવિધા જેવી જ હોવી જોઈએ.

વધારામાં, દરેક વાહનની અવરજવર પછી કાંકરી વિખરાઈ ન જાય તે માટે તેને ચારે બાજુથી લાઈનિંગ કરવી જોઈએ.



ધૂળને ઊડતી અટકાવવા માટે અવરજવરના રસ્તા પર પાથરવામાં આવેલ કાંકરી (ગ્રેવલ)

**પ્રોજેક્ટનું સ્થળ:** વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશ

ધૂળ રોકવા માટે વ્હીલ વોશિંગ સુવિધાની સાથે કાંકરી પાથરીને બનાવેલ લેયર

**પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી






વાહનોની ધૂળ રોકવા માટે બાંધકામ સ્થળ પર કાંકરી પાથરીને બનાવેલ લેયર

**પ્રોજેક્ટનું સ્થળ:** મુંબઈ, મહારાષ્ટ્ર

## વાહનોની ગતિ મર્યાદિત કરવી

બાંધકામ દરમિયાન ઊડતી ધૂળની અસર ઘટાડવા માટે, બાંધકામ સ્થળ પર વાહનોની અવરજવરની ગતિ 10km/h સુધી મર્યાદિત હોવી જોઈએ. આ બાંધકામ સ્થળ પર નિર્ધારિત સ્થાનો પર સ્પષ્ટ સાઈન બોર્ડ દ્વારા થવું જોઈએ.

આ સાથે જ, પદયાત્રીઓ અને વાહનોના રસ્તાઓ વચ્ચે સ્પષ્ટ વિભાજન હોવું જોઈએ. વાહનોની ઓછી ગતિને કારણે જમીન પરથી હવામાં ધૂળના રજકણો ઓછા ઉડશે.




બાંધકામ સ્થળ પર ગતિ મર્યાદા 10km/h હોવાનું દર્શાવતું સાઈન બોર્ડ

**પ્રોજેક્ટનું સ્થળ:**
નવી મુંબઈ, મહારાષ્ટ્ર




બાંધકામ સ્થળ પર ગતિ મર્યાદા 10km/h હોવાનું દર્શાવતું સાઈન બોર્ડ

**પ્રોજેક્ટનું સ્થળ:**
હૈદરાબાદ, તેલંગાણા




બાંધકામ સ્થળ પર ગતિ મર્યાદા 10km/h હોવાનું દર્શાવતું સાઈન બોર્ડ

**પ્રોજેક્ટનું સ્થળ:**
દમણ

## બિન-પીવાલાયક પાણી સાથે સૂક્ષ્મ સામગ્રીનો છંટકાવ

બાંધકામ દરમિયાન ઊડતી ધૂળનું સુરક્ષિત રીતે વ્યવસ્થાપન કરવા માટે, તેના પર બિન-પીવાલાયક પાણીનો છંટકાવ કરવામાં આવે છે. આ બાંધકામ દરમિયાન ધૂળની અસરને ઘટાડે છે.

સૂક્ષ્મ સામગ્રી, ખોદકામ કરેલી માટી અને અન્ય બાંધકામ સામગ્રીની સાથે, કાચા રસ્તાઓ પર પણ આ જ કારણસર પાણીનો છંટકાવ કરવામાં આવે છે.



▲ કામદાર દ્વારા સૂક્ષ્મ સામગ્રી પર પાણીનો છંટકાવ | **પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા



▲ સૂક્ષ્મ સામગ્રી પર પાણી છાંટવા માટે વપરાતી સ્પ્રે ગન | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



▲ રસ્તા પર સમયાંતરે પાણીનો છંટકાવ | **પ્રોજેક્ટનું સ્થળ:** તુતીકોરીન, તમિલનાડુ

## સૂક્ષ્મ સામગ્રીને ઢાંકવી

બાંધકામ દરમિયાન ઊડતી ધૂળની અસર ઘટાડવા માટે, હવામાં ઉડી શકે તેવી સૂક્ષ્મ બાંધકામ સામગ્રી જ્યારે બાંધકામ સ્થળની અંદર કે બહાર લાવવામાં આવતી હોય ત્યારે તેને અભેદ્ય કાપડ/સામગ્રીથી ઢાંકવી આવશ્યક છે. બાંધકામ સ્થળ પર સંગ્રહ માટે, ધૂળ પેદા કરતી સામગ્રીને અભેદ્ય કાપડથી ઢાંકવી જોઈએ અથવા બંધ જગ્યાઓમાં સંગ્રહિત કરવી જોઈએ.

અભેદ્ય કાપડના સ્તરથી ઢાંકવામાં આવેલી સૂક્ષ્મ સામગ્રી

**પ્રોજેક્ટનું સ્થળ:** મુંબઈ, મહારાષ્ટ્ર





અભેદ્ય કાપડના સ્તરથી ઢાંકવામાં આવેલી સૂક્ષ્મ સામગ્રી

**પ્રોજેક્ટનું સ્થળ:** નામચી, સિક્કિમ



અભેદ્ય કાપડના સ્તરથી ઢાંકવામાં આવેલી સૂક્ષ્મ સામગ્રી

**પ્રોજેક્ટનું સ્થળ:** હરિદ્વાર, ઉત્તરાખંડ

## જમીન ધોવાણ અવરોધી ચેનલોનું નિર્માણ

જમીન ધોવાલણ અવરોધી ચેનલો પ્રોજેક્ટના બાંધકામ તબક્કા દરમિયાન બાંધકામ સ્થળની બહાર માટીની અવરજવરને ઘટાડે છે, જેનાથી પ્રદૂષકોને નજીકના બાંધકામ સ્થળ અને મ્યુનિસિપલ ડ્રેનેજ લાઈનોમાં ફેલાતા અટકાવે છે. આ ચેનલો બાંધકામ સ્થળની આસપાસ બનાવવામાં આવે છે અને તેને સેડિમેન્ટેશન ટાંકી સાથે જોડવામાં આવે છે.

સેડિમેન્ટેશન ટાંકી એ એક કામચલાઉ કુંડ છે જે બાંધકામ દરમિયાન પેદા થતા કાંપને એકત્ર કરવા માટે બાંધકામ સ્થળના સૌથી નીચલા સ્તરે તૈયાર અને નિર્મિત કરવામાં આવે છે.



▲ સેડિમેન્ટેશન ટાંકી જમીન ધોવાલણ અવરોધી ચેનલ સાથે જોડાયેલ છે

**પ્રોજેક્ટનું સ્થળ:** આદિલાબાદ, તેલંગાણા



▲ ગ્રેવલ બેડ સાથેની જમીન ધોવાલણ અવરોધી ચેનલ

**પ્રોજેક્ટનું સ્થળ:** કોલ્હાપુર, મહારાષ્ટ્ર



▲ સાઈટ પરથી પસાર થતી કોંક્રિટની બનેલી જમીન ધોવાલણ અવરોધી ચેનલ

**પ્રોજેક્ટનું સ્થળ:** તુતિકોરીન, તમિલનાડુ

## જમીનની માટીના સૌથી ઉપરના (પ્રથમ) સ્તરની જાળવણી

પારિસ્થિતિકીય રીતે, જમીનની પ્રથમ સ્તરની માટી એ એક એવો સ્ત્રોત છે જેને પોષક તત્વોની સમૃદ્ધિ અને ફળદ્રુપતાના સ્વીકાર્ય સ્તર સુધી પહોંચવામાં ઘણા વર્ષો લાગે છે. તે કાર્બનિક પદાર્થોનું મિશ્રણ છે જે વનસ્પતિના વિકાસ માટે જરૂરી મૂલ્યવાન ઘટક બનાવે છે.

જો ફળદ્રુપતા પરીક્ષણ અહેવાલ મુજબ માટી ફળદ્રુપ માલૂમ પડે, તો જમીનની પ્રથમ સ્તરની માટીને ખોદીને અલગ કરવી જોઈએ અને તેને સબસોઈલ (સામાન્ય માટી)ના કાટમાળ અને 50mm થી વધુ વ્યાસ ધરાવતા પથ્થરોથી અલગ કરવી જોઈએ. ત્યારબાદ આ જમીનની પ્રથમ સ્તરની માટીને બાંધકામ સ્થળ પર નિર્ધારિત સ્થાન પર સંગ્રહિત કરવાની જરૂર છે જે અખંડ રહે તે રીતે પ્રસ્તાવિત હોય.

જમીનની પ્રથમ સ્તરની માટીના ઢગલા માટે, તેની ઊંચાઈ 400mm થી વધુ ન હોવી જોઈએ અને તેની ફળદ્રુપતા જાળવી રાખવા માટે મલ્ચિંગ કરવું જોઈએ.

મલ્ચ એ સામગ્રીનું રક્ષણાત્મક પડ છે જે માટીની ઉપર ફેલાવવામાં આવે છે, જે કાર્બનિક અથવા અકાર્બનિક હોઈ શકે છે.

વહેતા પાણીની સાથે માટી વહી ન જાય તે માટે માટી સંગ્રહ વિસ્તારની આસપાસ કામચલાઉ સોઈલ ઈરોઝન ચેનલોનું નિર્માણ કરવાની જરૂર છે.



TAMIL NADU AGRICULTURAL UNIVERSITY

From
Dr. S. Suresh., Ph.D
Professor and Head
Dept. of SS&AC
AC&RI, Killikulam
Thoothukudi- 628 252

To
KEC International Limited
Tuticorin Airport Project
Tuticorin

No. P&H/SS&AC/KKM/Soil Samples/Analytical Results/2021 dated 27.07.2021

Sir,

Sub : SS&AC-AC&RI,KKM-Soil Samples-Analytical results-reg

Ref : Lr. No. Nil KEC/Civil/TCN Airport/QC/20-21/02 dated 15.07.2021

Anent to the reference cited, the analytical results of the Soil samples is furnished below. The bill of cost for Rs. 5120/- Bill No. 150764 dated 27.07.2021 is enclosed.

Analytical Results

| S. No. | Parameters | pH | EC ($dSm^{-1}$) | Organic carbon (%) | Available Nitrogen ($kg\ ha^{-1}$) | Available Phosphorus ($kg\ ha^{-1}$) | Available Potassium ($kg\ ha^{-1}$) |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Sample 1 (Passenger Terminal Building) | 2.24 | 1.04 | 0.24 | 140 | 17.4 | 102 |
| 2. | Sample 2(Fire Station) | 5.31 | 0.11 | 0.49 | 180 | 25.9 | 130 |
| 3. | Sample 3 (ATC tower and technical building) | 9.38 | 0.16 | 0.40 | 196 | 9.5 | 160 |
| 4. | Sample 4 (Service Building) | 6.55 | 0.03 | 0.55 | 240 | 12.2 | 220 |
| 5. | Sample 5 (Landscape area) | 7.48 | 0.44 | 0.71 | 278 | 13.5 | 230 |
| 6. | Sample 6 (Landscape area) | 8.73 | 0.07 | 0.68 | 260 | 10.6 | 190 |
| 7. | Sample 7 (Road area ) | 6.54 | 0.02 | 0.74 | 271 | 12.8 | 210 |
| 8. | Sample 8 (Road area ) | 4.40 | 0.03 | 0.28 | 162 | 20.5 | 110 |

(Soil sample location taken from Airport Project Drawing)

Professor and Head
Dept. of SS&AC
PROFESSOR AND HEAD
Dept. of Soil Science & Agrl. Chemistry
Agricultural College & Research Institute,
Killikulam,VALLANADU-628 252

જમીનની પ્રથમ સ્તરની માટીનો ફળદ્રુપતા અહેવાલ





▲ સ્ટોક યાર્ડમાં જમીનની પ્રથમ સ્તરની માટીનો સંગ્રહ

**પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા



▲ બાંધકામ સ્થળ પર જમીનની પ્રથમ સ્તરની માટીની જાળવણી

**પ્રોજેક્ટનું સ્થળ:** પુણે, મહારાષ્ટ્ર

# શું જળ સંરક્ષણ થાય છે?

જળ સંરક્ષણ કરવું શા માટે મહત્વનું છે?

પર્યાવરણીય સ્થિરતા, ખાદ્ય સુરક્ષા અને ઔદ્યોગિક ઉત્પાદન સુનિશ્ચિત કરવા માટે પાણી એક આવશ્યક સ્ત્રોત છે.

બાંધકામની ઘણી પ્રવૃત્તિઓ માટે પાણીની જરૂર પડે છે, જેમ કે કોંક્રિટ, મોર્ટાર અને પ્લાસ્ટરનું મિશ્રણ, ઇંટો, સ્લેબ, સ્તંભો અને દિવાલોની જાળવણી, સાધનોનું ધોવાણ વગેરે. એવો અંદાજ છે કે દિવાલના દર 1 ચોરસ મીટર બાંધકામ માટે સરેરાશ 350 લિટર પાણી વપરાય છે.

બાંધકામ ઉદ્યોગમાં થયેલા વધારાને જોતાં, બાંધકામ સ્થળ પર પાણીના સંરક્ષણની વ્યૂહરચનાઓ અમલમાં મૂકવાની તાતી જરૂરિયાત છે.

તેથી, પાણીનો ઉપયોગ સમજદારીપૂર્વક, વિવેકપૂર્ણ અને બગાડ ન થાય તે રીતે થવો જોઈએ. સમગ્ર બાંધકામ પ્રક્રિયા દરમિયાન પાણીના ઉપયોગને સમજવા માટે તેના સ્ત્રોતો પર મીટર લગાવવા અને તેનું નિરીક્ષણ કરવું મહત્વપૂર્ણ છે. વૈકલ્પિક રીતે, બાંધકામની સામગ્રીની પસંદગી પણ એટલી જ મહત્વની ભૂમિકા ભજવે છે.

તમે જળ સંરક્ષણ કરી રહ્યા છો તેની ખાતરી કેવી રીતે કરવી?

## સ્ટ્રક્ચરલ બાંધકામમાં પાણીની માંગ ઘટાડવાની વ્યૂહરચનાઓ:

બાંધકામ દરમિયાન, સ્ટ્રક્ચરલ કોંક્રિટ અને જાળવણી માટે પાણીનો વિશાળ જથ્થો વપરાય છે. તેથી, માળખાકીય સ્થિરતા સાથે બાંધછોડ કર્યા વિના તેને ઘટાડવા માટે વ્યૂહરચના અપનાવવી જોઈએ.

જાળવણી માટે પાણીની માંગ ઘટાડવા માટે અપનાવી શકાય તેવી વ્યૂહરચનાઓ:

1. સ્લેબની મજબૂતાઈની જાળવણી માટે પાણીના કુંડ (પોન્ડિંગ) તૈયાર કરવા
2. શણના કાપડનો ઉપયોગ કરીને જાળવણી



▲ કોંક્રિટના ક્યોરિંગ માટે વપરાતી પાણીના કુંડ (પોન્ડિંગ) તૈયાર કરવાની તકનીક

**પ્રોજેક્ટનું સ્થળ:** તુતિકોરીન, તમિલનાડુ

દીવાલો અને સ્તંભો જેવી ઉભી સપાટીઓ જાળવણી માટેના પાણીને ઝડપથી ગુમાવે છે. તેથી, માળખાને લાંબા સમય સુધી રાખવું અથવા વારંવાર ભીનું કરવું વધુ યોગ્ય છે.

પરંપરાગત પદ્ધતિઓ જેવી કે કોથળા અથવા શણનું કાપડ, જેને પૂરતા પાણી વડે કાયમી ધોરણે ભીના રાખવામાં આવે છે, તે પણ ઉભી સપાટી પર કોંક્રિટની જાળવણી માટેની કાર્યક્ષમ રીતો છે.



અસરકારક જાળવણી માટે સતત ભેજ જળવાઈ રહે તે હેતુથી શણના કાપડ સાથે પાણીની થેલીઓ.

**પ્રોજેક્ટ લોકેશન:**
પાલક્કડ



કોંક્રિટની જાળવણી માટે બાંધકામ સ્થળ પર શણના કાપડનો ઉપયોગ.

**પ્રોજેક્ટનું સ્થળ:**
હરિદ્વાર



જાળવણી માટે સ્લેબ પર પાથરવામાં આવેલ શણનું કાપડ.

**પ્રોજેક્ટનું સ્થળ:**
નવી દિલ્હી

## ક્યોરિંગ કમ્પાઉન્ડનો ઉપયોગ

બાંધકામ સ્થળ પર પોલિમર મોડિફાઇડ સેલ્ફ–ક્યોરિંગ મોર્ટારનો પ્રયોગ

**પ્રોજેક્ટનું સ્થળ:**






બાંધકામની મજબૂતાઈની જાળવણી માટે વપરાતા ઘટક દ્રવ્યોનો ઉપયોગ

**પ્રોજેક્ટનું સ્થળ:** પનવેલ, મહારાષ્ટ્ર




બાંધકામ સ્થળ પર રાખવામાં આવેલા ક્યોરિંગ કમ્પાઉન્ડના કન્ટેનર

**પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી

## સ્ટ્રક્ચરલ કોંક્રિટમાં પાણીની માંગ ઘટાડવાની વ્યૂહરચના

ઓછા પાણી–સિમેન્ટ ગુણોતર પર ચોક્કસ કાર્યક્ષમતા (સ્લમ્પ) હાંસલ કરવા માટે કોંક્રિટમાં 'વોટર–રિડ્યુસિંગ એડમિક્ચર' ઉમેરવામાં આવે છે. વોટર રિડ્યુસર્સનો ઉપયોગ મોટાભાગે ગરમ હવામાનમાં કોંક્રિટિંગ કરવા માટે અને પમ્પિંગમાં થાય છે.



▲ સાઇટ પર સંગ્રહિત મિશ્રણ ધરાવતા ડ્રમ્સ | **પ્રોજેક્ટનું સ્થળ:** નામચી, સિક્કિમ




▲ મિશ્રણનો જથ્થો દર્શાવતો બેચ–મિક્સ રિપોર્ટ | **પ્રોજેક્ટનું સ્થળ:** ગ્રેટર નોઈડા



FOSROC

constructive solutions

**Auramix 400**

**Advanced Low Viscosity High Performance Superplasticiser, based on Polycarboxylic technology**

**Uses**

Auramix 400 is a high performance superplasticiser intended for applications where high water reduction and long workability retention are required, and it has been developed for use in:

- Self-compacting concrete,
- Pumped concrete,
- Concrete requiring long workability retention,
- High performance concrete.

**Standard Compliance**

Auramix 400 complies with IS:9103-1999(2007). It also complies with ASTM C494 Type G depending on the dosage used.

**Advantages**

- Low viscosity suitable for pumping of different grades of concrete to higher floors

**Technical support**

Fosroc provides a technical advisory service for on-site ass tance and advice on mix design, admixture selection, evaluati trials and dispensing equipment.

**Properties**

| | | |
|---|---|---|
| Appearance | : | Light yellow coloured liquid |
| pH | : | Minimum 6.0 * |
| Volumetric mass @ 20° C | : | 1.09 kg/litre |
| Chloride content | : | Nil to IS:456 * |
| Alkali content | : | Typically less than 1.5 g $Na_2O$ equivalent / litre of admixture. |

* The uniformity parameters like specific gravity, pH, chlori content etc. will vary for specific customer requirements a mix design. Please refer our MTC issued for specific produ configuration for measuring our product parameters that wi be constantly and consistently administered.

▲ મિશ્રણની તકનીકી વિશિષ્ટતાઓ | પ્રોજેક્ટનું સ્થળ: ચંબા, હિમાચલ પ્રદેશ

## પાણીના બગાડને નિયંત્રિત કરવાની વ્યૂહરચના:

પ્રોજેક્ટ ટીમે સ્ત્રોત પર પાણીના વપરાશનું માપન કરવું જોઈએ, જેમ કે ભૂગર્ભ જળ, મ્યુનિસિપલ કનેક્શન અથવા વોટર ટેન્કર, જેથી પ્રોજેક્ટના બાંધકામ દરમિયાન પાણીના વપરાશનું વ્યવસ્થાપન કરી શકાય અને બાંધકામ સ્થળ પર તેના વપરાશની નોંધ જાળવી શકાય.

બાંધકામ સ્થળ પર દરેક પ્રવૃત્તિ માટે વપરાતા પાણીનું નિરીક્ષણ કરવું વ્યવહારિક રીતે ખૂબ મુશ્કેલ છે, પરંતુ વોટર મીટરનો ઉપયોગ કરીને દરરોજ વપરાતા કુલ પાણીને માપી શકાય છે અને દરરોજ તેની નોંધ કરી શકાય છે, જેથી બાંધકામ દરમિયાન પાણીનો બગાડ અટકાવવા અને પાણીનો વપરાશ ઘટાડવા માટે કેટલાક નિવારક પગલાં લઈ શકાય.

**Water Supply 300 Bedded Hospital Namchi**
**407 Car Water Tank Per tank 4000 Ltrs**

| Date | Driver Dipak(SK04D0407) | | Driver Raju(SK05D0242) | | Remarks |
|---|---|---|---|---|---|
| | Time | Trips | Time | Trips | |
| 10/1/2021 | 7:45 AM<br>11:45 AM<br>2:15 PM | 3 | 8:00 AM<br>11:00 AM<br>2:30 PM | 3 | 3 trips for Assangthang |
| 10/2/2021 | 7:45 AM<br>9:50 AM<br>2:10 PM | 3 | 7:45 AM<br>11:45 AM<br>2:30 PM | 3 | 3 trips for Assangthang |
| 10/4/2021 | 9:25 AM<br>11:00 AM | 2 | 9:30 AM | 1 | 1 trips for Assangthang |
| 10/5/2021 | 2:00 PM | 1 | 12:00 PM<br>2:50 PM | 2 | 2 trips for Assangthang |
| 10/6/2021 | 9:20 AM<br>2:20 PM<br>5:00 PM | 3 | 12:00 PM<br>2:50 PM<br>9:30 AM | 3 | 3 trips for Assangthang |
| 10/7/2021 | 10:00 AM<br>2:20 PM | 2 | 9:00 AM<br>12:10 PM<br>3:00 PM | 3 | 3 trips for Assangthang |
| 10/8/2021 | 9:00 AM<br>12:00 PM | 2 | 1:00 PM<br>3:30 PM | 2 | 2 trips for Assangthang |
| 10/9/2021 | 10:30 AM<br>2:20 PM | 2 | 11:10 AM<br>2:30 PM | 2 | 2 trips for Assangthang |
| 10/25/2021 | 11:30 AM | 1 | 2:30 PM | 1 | 1 Trip for Assangthang |
| 10/26/2021 | 11:45 AM | 1 | 2:30 PM | 1 | 1 Trip for Assangthang |
| 10/27/2021 | 8:10 AM<br>12:00 PM<br>3:00 AM | 3 | 8:30 AM<br>11:10 AM<br>2:25 PM | 3 | 3 trips for Assangthang |
| 10/28/2021 | 7:45 AM<br>11:30 AM<br>2:40 AM | 3 | 9:00 AM<br>11:45 AM<br>3:10 PM | 3 | 3 trips for Assangthang |
| 10/29/2021 | 8:15 AM<br>12:00 PM<br>2:30 AM | 3 | 8:30 AM<br>11:50 AM<br>2:45 PM | 3 | 3 trips for Assangthang |
| 10/30/2021 | 8:10 AM | 1 | 10:00 AM | 1 | 1 Trip for Assangthang |
| | | 30 | | 31 | |

**Note:** Water supply at site for site work, sprinkling at road near site and Assangthang Dumping point and supply of drinking water for Labour Camp.

નમૂનારૂપ દૈનિક પાણીના વપરાશનો અહેવાલ

**પ્રોજેક્ટનું સ્થળ:** નામચી, સિક્કિમ



બાંધકામ દરમિયાન પાણીના વપરાશ પર દેખરેખ રાખવા માટે સ્ત્રોત પર મીટરની સ્થાપના

**પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



પાણીના વપરાશનો રેકોર્ડ

**પ્રોજેક્ટનું સ્થળ:** ગોલાઘાટ, આસામ

# શું બાંધકામ સામગ્રી અને કચરાનું વ્યવસ્થાપન કરવામાં આવે છે?

સાઇટ પર બાંધકામ સામગ્રી અને કચરાનું વ્યવસ્થાપન કરવું કેમ મહત્વનું છે?

બાંધકામ સામગ્રીની ગુણવત્તા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવા માટે, બાંધકામ પ્રક્રિયાના વિવિધ તબક્કાઓને ધ્યાનમાં રાખીને સ્થળનું આયોજન અને વ્યવસ્થાપન કરવું અને તે મુજબ સામગ્રીનો સંગ્રહ કરવો મહત્વપૂર્ણ છે.

વધુમાં, કચરાના વ્યવસ્થાપન માટે, બાંધકામ સ્થળ પર અલગ વિસ્તારો ફાળવવા જોઈએ અને પાછળથી કચરાને પુનઃ ચક્રિયકરણ કરનારાને વેચવો જોઈએ જેથી કચરાના ઢગલાનો ભાર ઓછો કરી શકાય.

બાંધકામમાં, 'સ્ટેજિંગ' એ બાંધકામ સ્થળ પર સંસાધનોના વ્યવસ્થાપન માટેની એક સારી વ્યૂહરચના છે. સ્ટેજિંગ એટલે બાંધકામ પ્રોજેક્ટ માટે જરૂરી સામગ્રી, સાધનો અને સંસાધનો તૈયાર કરવાની અને ગોઠવવાની પ્રક્રિયા. સ્ટેજિંગમાં સામગ્રીની પ્રાપ્તિથી લઈને બાંધકામ સ્થળ પર તેના ઈન્સ્ટોલેશન અથવા વપરાશ સુધીના પ્રવાહનું વ્યૂહાત્મક આયોજન અને વ્યવસ્થાપન સામેલ છે.

## યોગ્ય સંચાલન કેવી રીતે સુનિશ્ચિત કરવું?

## બાંધકામ સામગ્રીનું સ્ટેજિંગ

બાંધકામ સ્થળ વ્યવસ્થાપનના મુખ્ય ઘટકો: સામગ્રીની પ્રાપ્તિ, સંગ્રહ અને વ્યવસ્થાપન, ઇન્વેન્ટરી મેનેજમેન્ટ અને ગુણવત્તા નિયંત્રણ. સ્ટેજિંગ એ સુનિશ્ચિત કરે છે કે યોગ્ય સામગ્રી યોગ્ય સમયે અને યોગ્ય જગ્યાએ ઉપલબ્ધ હોય, જેનાથી કાર્યક્ષમતા વધે છે, બગાડ ઓછો થાય છે અને પ્રોજેક્ટ યોગ્ય સમયે સારી રીતે પૂર્ણ કરવામાં સહાય મળે છે.



▲ બાંધકામ સ્થળ પર કરવામાં આવેલ સામગ્રીનું ગોઠવણી

**પ્રોજેક્ટનું સ્થળ:** જાજપુર, ઓડિશા




▲ સિમેન્ટની થેલીઓની ગોઠવણી | **પ્રોજેક્ટનું સ્થળ:** લખીમપુરી, યુ.પી.



▲ કોંક્રિટ બ્લોક્સની ગોઠવણી | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી




▲ બાંધકામ સ્થળ પર કામચલાઉ સ્ટીલ યાર્ડ | **પ્રોજેક્ટનું સ્થળ:** કોઝીકોડ, કેરળ




▲ બાંધકામ સ્થળ પર સ્ટોન યાર્ડ | **પ્રોજેક્ટનું સ્થળ:** કોઝીકોડ, કેરળ



▲ બાંધકામ સામગ્રીનું સ્ટેજિંગ | **પ્રોજેક્ટનું સ્થળ:** જાજપુર, ઓડિશા



▲ બાંધકામ સામગ્રીનું સ્ટેજિંગ | **પ્રોજેક્ટનું સ્થળ:** જાજપુર, ઓડિશા



▲ સ્ટીલનું સ્ટેજિંગ | **પ્રોજેક્ટનું સ્થળ:** તુતીકોરીન, તમિલનાડુ




▲ પ્લમ્બિંગ સામગ્રીનું સ્ટેજિંગ | **પ્રોજેક્ટનું સ્થળ:** વારાણસી, ઉત્તર પ્રદેશ

## બાંધકામ કચરાનું વર્ગીકરણ

સ્થળ પર બાંધકામના કચરાનું વર્ગીકરણ કરવું એ પર્યાવરણીય સ્થિરતાને પ્રોત્સાહન આપવા, કચરાના નિકાલના ખર્ચને ઘટાડવા અને કચરામાંથી સંસાધનોની ઉત્પત્તિ સુનિશ્ચિત કરવા માટે એક આવશ્યક પ્રથા છે.

અસરકારક કચરા વ્યવસ્થાપન વ્યૂહરચનાઓ લાગુ કરીને, બાંધકામ પ્રોજેક્ટ્સ તેમની પર્યાવરણીય અસરોને ઘટાડી શકે છે અને વધુ ટકાઉ નિર્મિત પર્યાવરણમાં યોગદાન આપી શકે છે.



▲ લાકડાના ટુકડાઓનું વર્ગીકરણ

**પ્રોજેક્ટનું સ્થળ:** જાજપુર, ઓડિશા



▲ કોંક્રિટ કચરાનું વર્ગીકરણ

**પ્રોજેક્ટનું સ્થળ:** ચંબા, એચ.પી.




▲ બાંધકામ કચરાનું વર્ગીકરણ

**પ્રોજેક્ટનું સ્થળ:** હરિદ્વાર, ઉત્તરાખંડ



▲ વિવિધ વ્યાસના સ્ટીલના સળિયાનું વર્ગીકરણ

**પ્રોજેક્ટનું સ્થળ:** જાજપુર, ઓડિશા



▲ સ્ટીલના ભંગારનું વર્ગીકરણ

**પ્રોજેક્ટનું સ્થળ:** જાજપુર, ઓડિશા




▲ સ્ટીલના ભંગારનું વર્ગીકરણ

**પ્રોજેક્ટનું સ્થળ:** તુતીકોરીન, તમિલનાડુ




▲ બાંધકામ કચરાનું વર્ગીકરણ

**પ્રોજેક્ટનું સ્થળ:** વારાણસી, ઉત્તર પ્રદેશ

## બાંધકામ કચરાનો પુનઃઉપયોગ

બાંધકામનો કટકો મોટા જથ્થામાં પરિવર્તિત થઈને પર્યાવરણને આ કચરાનો પુનઃઉપયોગ કરીને, આપણે જમીનને વધુ પ્રદૂષિત થવાથી બચાવી શકીએ છીએ અને કચરાના નિકાલ સાથે સંકળાયેલા પ્રદૂષણ અને રહેઠાણને થતા નુકસાનને ઓછું કરી શકીએ.

કોંક્રિટ, લાકડું અને ધાતુ જેવી બાંધકામ સામગ્રીના ઉત્પાદન માટે કુદરતી સંસાધનોની નોંધપાત્ર માત્રાની જરૂર પડે છે. આ સામગ્રીઓનો પુનઃઉપયોગ કરીને, આપણે લાકડું, એગ્રીગેટ્સ અને અયસ્ક જેવા કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરીએ છીએ, આમ ટકાઉપણાને પ્રોત્સાહન મળે છે. સામગ્રીનો પુનઃઉપયોગ કરવાથી બાંધકામ પ્રોજેક્ટ્સમાં ખર્ચની બચત થઈ શકે છે. સામગ્રીને બચાવવી અને ફરીથી વાપરવી એ નવી સામગ્રી ખરીદવાની જરૂરિયાત ઘટાડી શકે છે, જેનાથી બાંધકામ ખર્ચ ઓછો થાય છે.



▲ મેસનરી યુનિટ્સ બનાવવા માટે પ્લાસ્ટિકની બોટલોનો ઉપયોગ | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી




▲ બાંધકામ સ્થળ પર વપરાયેલ વેસ્ટ પ્લાયવુડનો પુનઃઉપયોગ | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી




▲ સાઈટ પર વપરાયેલ સ્ટીલના સળિયાનો પુનઃઉપયોગ | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



▲ બાંધકામ સ્થળ પર વપરાયેલ વેસ્ટ કોંક્રિટનો પુનઃઉપયોગ | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી




▲ બાંધકામ સ્થળ પર વપરાયેલ વેસ્ટ ઇન્સ્યુલેશન સામગ્રી અને પ્લાયવુડનો પુનઃઉપયોગ | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



▲ બાંધકામ સ્થળ પર વપરાયેલ વેસ્ટ ફ્લાયએશ ઇંટોનો પુનઃઉપયોગ | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



▲ લિન્ટલ્સ બનાવવા માટે બાંધકામ સ્થળ પર વપરાયેલ વેસ્ટ કોંક્રિટનો પુનઃઉપયોગ | **પ્રોજેક્ટનું સ્થળ:** જાજપુર, ઓડિશા

# શું મારા કામદારો સુરક્ષિત છે?

બાંધકામ કામદારોને સુરક્ષિત રાખવા શા માટે મહત્વપૂર્ણ છે?

બાંધકામ કામદારોની સુરક્ષા અને કલ્યાણ અત્યંત મહત્વનું છે; તેથી તેના પર ધ્યાન આપવું જરૂરી છે. બાંધકામ કામદારો માટે સુરક્ષાના પગલાં સુનિશ્ચિત કરવા અને સુવિધાઓ પૂરી પાડવી એ કેટલાક કારણોસર નિર્ણાયક છે:

**કામદારોનું કલ્યાણ:**

આરોગ્ય અને સુરક્ષાને પ્રાથમિકતા આપવાથી બાંધકામ કર્મચારીઓના કલ્યાણનું રક્ષણ થાય છે. આ સુનિશ્ચિત કરે છે કે તેઓ બિનજરૂરી જોખમો વિના સુરક્ષિત વાતાવરણમાં કામ કરી શકે, સાથે જ તેમનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પણ જળવાઈ રહે.

**અકસ્માત નિવારણ:**

સુરક્ષાના પગલાંના અમલીકરણથી બાંધકામ સ્થળ પર અકસ્માતો અને ઈજાઓની સંખ્યા ઘટે છે અથવા નાબૂદ થાય છે. આનાથી સ્થળ પર કામમાં ઓછા વિક્ષેપ આવે છે જે ખર્ચની દ્રષ્ટિએ ફાયદાકારક સાબિત થાય છે.

**સામાજિક કલ્યાણ:**

આરામ માટેની જગ્યા, શૌચાલય અને જમવાની જગ્યા જેવી પર્યાપ્ત કલ્યાણકારી સુવિધાઓ પૂરી પાડવી.

મારા કામદારો સુરક્ષિત છે તે કેવી રીતે સુનિશ્ચિત કર્યું?

## વ્યક્તિગત સુરક્ષા સાધનો અને ગિયર્સની જોગવાઈ

વ્યક્તિગત સુરક્ષા સાધનો (PPE) એ બાંધકામ સ્થળ પર સુરક્ષા સુનિશ્ચિત કરવાનો એક અનિવાર્ય ભાગ છે. PPE ઘણા ફાયદાઓ આપે છે, જેમાં જોખમમાં ઘટાડો, અકસ્માત નિવારણ, કામદારોના વળતર ખર્ચમાં ઘટાડો, આરોગ્ય અને સુરક્ષાના નિયમોનું યોગ્ય પાલન અને કર્મચારીઓના મનોબળમાં વધારો શામેલ છે કારણ કે તેઓ કામ પર વધુ સુરક્ષિત અનુભવે છે.

ભારતીય માનક બ્યુરો દ્વારા 'નેશનલ બિલ્ડિંગ કોડ ઓફ ઈન્ડિયા' માં એવા નિયમો છે જે બાંધકામ કામદારોની સુરક્ષા અને સુખાકારી માટે કરવામાં આવતી લઘુત્તમ જોગવાઈઓ નક્કી કરે છે.




▲ સેફ્ટી પાર્કમાં ડમી મોડલ પર PPE સાધનો | **પ્રોજેક્ટનું સ્થળ:** ચંબા, હિમાચલ પ્રદેશ



▲ સુરક્ષા બૂટ અને હેલ્મેટની જોગવાઈ સાથે સુરક્ષાના નિયમોનું પાલન.

**પ્રોજેક્ટનું સ્થળ:** ભુવનેશ્વર, ઓડિશા



▲ ઓન-સાઈટ સુરક્ષા ચશ્મા અને મોજાની જોગવાઈ સાથે સુરક્ષાનું અનુપાલન.

**પ્રોજેક્ટનું સ્થળ:** કોઝિકોડ, કેરળ



▲ ઓન-સાઈટ સુરક્ષા માર્ગદર્શન કાર્યક્રમનું પ્રદર્શન.

**પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા



▲ ઓન-સાઈટ ઊંચાઈ પર કામ કરતી વખતે સુરક્ષા બેલ્ટ સાથે કામદારો દ્વારા નિયમોનું પાલન.

**પ્રોજેક્ટનું સ્થળ:** બિજનૌર, ઉત્તર પ્રદેશ

## સુરક્ષાનું અમલીકરણ

મુખ્ય રીતે પ્રદર્શિત કરાયેલા સુરક્ષા ચિહ્નો બાંધકામ કામદારોમાં જાગૃતિ વધારે છે. તેઓ વ્યક્તિઓને તેમની કામ કરવાની પદ્ધતિઓ અને સંભવિત જોખમો પ્રત્યે સચેત રહેવાની યાદ અપાવે છે.

સુરક્ષા ચિહ્નો વ્યૂહાત્મક સ્થળોએ એવી ભાષામાં પ્રદર્શિત કરવા જોઈએ જેથી કામ કરતા કામદારો સરળતાથી સમજી શકે.




બાંધકામ સ્થળ પર વ્યૂહાત્મક સ્થળોએ અંગ્રેજી તેમજ સ્થાનિક ભાષામાં સાઈન બોર્ડ.

**પ્રોજેક્ટનું સ્થળ:**
નવી દિલ્હી




નવીન વિચારો સાથે સુરક્ષા સંકેતો

**પ્રોજેક્ટનું સ્થળ:**
ચંબા, હિમાચલ પ્રદેશ (H.P.)

પ્રોજેક્ટ સ્થળના મુખ્ય દરવાજા પર સ્થાનિક ભાષામાં સુરક્ષા સાઈન બોર્ડ

**પ્રોજેક્ટનું સ્થળ:**
નવી દિલ્હી






▲ બાંધકામ સ્થળ પર બાળકોના પ્રવેશ પર પ્રતિબંધ દર્શાવતા સ્થાનિક ભાષામાં સાઇન બોર્ડ.

**પ્રોજેક્ટનું સ્થળ:** પુણે, મહારાષ્ટ્ર




▲ બાંધકામ સ્થળના પ્રવેશદ્વાર પર સુરક્ષાના નિયમો દર્શાવતું સાઇન બોર્ડ.

**પ્રોજેક્ટનું સ્થળ:** સંબલપુર, ઓડિશા




▲ બાંધકામ સ્થળ પર મૂકવામાં આવેલા વિવિધ સાઇન બોર્ડ.

**પ્રોજેક્ટનું સ્થળ:** પલક્કડ, કેરળ




▲ બાંધકામ કામદારોમાં જાગૃતિ ફેલાવવા માટે સ્થાનિક ભાષામાં સુરક્ષા સાઇન બોર્ડ.

**પ્રોજેક્ટનું સ્થળ:** પલક્કડ, કેરળ

## પ્રાથમિક સારવારની સુવિધા, પેરામેડિક્સ અને એમ્બ્યુલન્સની જોગવાઈ

બાંધકામ સ્થળ સ્વાભાવિક રીતે જોખમી વાતાવરણ ધરાવે છે જ્યાં અકસ્માતો, ઊંચાઈથી પડવા અને ઈજાઓની સંભાવના રહેલી છે. પ્રાથમિક સારવારની સુવિધાઓ અને એમ્બ્યુલન્સ રાખવાથી જોખમોમાં ઘટાડો થાય છે અને જરૂર પડે ત્યારે સમયસર સારવાર મળે છે.

પ્રાથમિક સારવાર અને એમ્બ્યુલન્સની જોગવાઈ સુનિશ્ચિત કરે છે કે અકસ્માતની સ્થિતિમાં, તાત્કાલિક તબીબી સારવાર મળવાથી ઈજાઓની ગંભીરતામાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે અને કેટલાક કિસ્સાઓમાં જીવ બચાવી શકાય છે. તાલીમબદ્ધ કર્મચારીઓ અને સુસજ્જ પ્રાથમિક સારવાર કેન્દ્રો હોવાને કારણે કટોકટીના સમયે ઝડપી પ્રતિસાદ સુનિશ્ચિત થાય છે.




▲ સ્ટાફ અને કામદારો માટે બાંધકામ સ્થળ પર પ્રાથમિક સારવારની સુવિધાની જોગવાઈ.

**પ્રોજેક્ટનું સ્થળ:** દમણ




▲ ઓન-કોલ ડૉક્ટરની સુવિધા સાથે બાંધકામ સ્થળ પર મેડિકલ રૂમની જોગવાઈ.

**પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા



▲ કટોકટીના કિસ્સામાં એમ્બ્યુલન્સની જોગવાઈ.

**પ્રોજેક્ટનું સ્થળ:** તુતીકોરિન, તમિલનાડુ

## સુરક્ષા જાળી અને બેરિકેડિંગની જોગવાઈ

સુરક્ષા જાળી કામદારોને પડવાથી અને ઈજાઓથી બચાવીને કાર્યસ્થળની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં પાયાની ભૂમિકા ભજવે છે. આ જાળીઓ ઉપરથી પડતા કામદારોને ઝીલી લેવા અને તેમને જમીન સાથે અથડાતા રોકવા માટે ડિઝાઇન કરવામાં આવી છે, જે ગંભીર ઈજાઓ અથવા મૃત્યુના જોખમને ઘટાડે છે.

જોખમી વિસ્તારો (જેમ કે ખોદકામ કરેલી જગ્યાઓ, દાદર અને ખુલ્લા સ્લેબ) નું બેરિકેડિંગ અનધિકૃત વ્યક્તિઓને તે વિસ્તારમાં પ્રવેશતા અટકાવે છે, આમ અકસ્માતોનું જોખમ ઘટાડે છે અને કામદારો તથા જાહેર જનતા બંનેને સંભવિત જોખમોથી સુરક્ષિત રાખે છે.




▲ નિર્માણાધીન ઇમારતમાં ઊંચાઈ પર સુરક્ષા જાળીની જોગવાઈ. | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



▲ બહુમાળી ઇમારત માટે સુરક્ષા જાળીની જોગવાઈ. | **પ્રોજેક્ટનું સ્થળ:** પનવેલ, મહારાષ્ટ્ર



▲ બાંધકામ સ્થળ પર ખુલ્લા સ્લેબનું બેરિકેડિંગ. | **પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા



▲ ઓન-સાઈટ ખુલ્લા લિફ્ટ શાફ્ટનું બેરિકેડિંગ

**પ્રોજેક્ટનું સ્થળ:** પલક્કડ, કેરળ



▲ બાંધકામ સાઈટ પર ખુલ્લી જગ્યાઓનું બેરિકેડિંગ.

**પ્રોજેક્ટનું સ્થળ:** મુંબઈ, મહારાષ્ટ્ર



▲ ઓન-સાઈટ ખોદકામ કરેલા વિસ્તારનું બેરિકેડિંગ.

**પ્રોજેક્ટનું સ્થળ:** તુતીકોરિન, તમિલનાડુ




▲ પસાર થવાના રસ્તા પર બેરિકેડિંગ.

**પ્રોજેક્ટનું સ્થળ:** બિજનૌર, ઉત્તર પ્રદેશ

## આગની કટોકટી સામે લડવા માટેની જોગવાઈ

બાંધકામ સ્થળમાં જ્વલનશીલ પદાર્થો, ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશન અને મશીનરીનો સમાવેશ થાય છે. ઇમરજન્સી પ્લાન સંભવિત આગના જોખમોને ઓળખે છે અને આ જોખમોને ઘટાડવા માટેના નિવારક પગલાંની રૂપરેખા આપે છે. બાંધકામ સ્થળ આગના કિસ્સામાં ઇમરજન્સી પ્લાનની તૈયારી સાથે સજ્જ હોવું જોઈએ, જેમાં આગ લાગવાના કિસ્સામાં, આપત્તિ કાળ વખતે સુરક્ષિત નીકળવાનું અને એકઠા થવાનું સ્થળ દર્શાવેલા હોય અને જરૂરી સ્થળોએ અગ્નિશામક સાધનોની જોગવાઈ હોય.




▲ યોગ્ય સંકેત દ્વારા સ્થળ પર ચિહ્નિત ફાયર ઇમરજન્સી એસેમ્બલી પોઈન્ટ.

**પ્રોજેક્ટનું સ્થળ:** તુતીકોરિન, તમિલનાડુ



▲ મજૂરોના રહેઠાણના રસોડામાં ફાયર બોલ્સ.

**પ્રોજેક્ટનું સ્થળ:** પુણે, મહારાષ્ટ્ર




▲ બાંધકામ સ્થળ પર અગ્નિશામકો માટે સમર્પિત વિસ્તાર.

**પ્રોજેક્ટનું સ્થળ:** મુંબઈ, મહારાષ્ટ્ર

## બાંધકામ સ્થળ પર બાળઘર સુવિધા આપવાની જોગવાઈ

બાંધકામ સ્થળ પર બાળઘર સુવિધાઓની જોગવાઈ એ સુનિશ્ચિત કરે છે કે કામના કલાકો દરમિયાન બાળકો સુરક્ષિત રહે અને જ્યારે કામદારોના બાળકો સારી રીતે સચવાતા હોય, ત્યારે કામદારો કામ પર વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકે, જેને લીધે તેમના કામની ગુણવત્તા વધી જાય છે. બાળઘર સુવિધાઓ વરિષ્ઠ ભૂમિકામાં રહેલી માતાઓને આકર્ષે છે, જે લિંગ સમાનતાને પ્રોત્સાહન આપે છે કારણ કે વધુ ને વધુ માતાઓ પોતાના પરિવારની આવકમાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.




▲ બાંધકામ કામદારોના બાળકો માટે બાળઘર સુવિધાની જોગવાઈ. | **પ્રોજેક્ટનું સ્થળ:** પુણે, મહારાષ્ટ્ર



▲ દિવસ દરમિયાન બાળઘર સુવિધામાં બાળકોની સંભાળ લેવામાં આવે છે. | **પ્રોજેક્ટનું સ્થળ:** પુણે, મહારાષ્ટ્ર



▲ બાંધકામ કામદારો માટેની બાળઘર સુવિધામાં બાળકો માટે સમર્પિત રમતનું મેદાન. | **પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા

## તમાકુ અને ધુમ્રપાન નિયંત્રણ

ધુમ્રપાન સ્વાસ્થ્ય માટે મોટો ખતરો છે અને તે આગનું જોખમ પણ ઉભું કરી શકે છે, ખાસ કરીને જ્વલનશીલ પદાર્થો ધરાવતા વાતાવરણમાં. ધુમ્રપાન પર પ્રતિબંધ મૂકવાથી હવાની ગુણવત્તા જાળવવામાં મદદ મળે છે અને કામદારોના સ્વાસ્થ્યનું રક્ષણ થાય છે. બાંધકામ સ્થળ પર વ્યૂહાત્મક સ્થળોએ 'ધુમ્રપાન નિષેધ'ના ચિહ્નો પ્રદર્શિત કરવાથી સ્પષ્ટ સંદેશ મળે છે કે ધુમ્રપાન પ્રતિબંધિત છે, જે આકસ્મિક આગની શક્યતા ઘટાડે છે.




બાંધકામ સ્થળ પર 'ધુમ્રપાન નિષેધ' સંકેતનું બોર્ડ.

**પ્રોજેક્ટનું સ્થળ:** પનવેલ, મહારાષ્ટ્ર




બાંધકામ સ્થળ પર 'ધુમ્રપાન નિષેધ' સંકેતનું બોર્ડ.

**પ્રોજેક્ટનું સ્થળ:** તુતીકોરિન, તમિલનાડુ




તમાકુના સેવન વિરુદ્ધ જાગૃતિ ફેલાવવાની રમુજી રીત.

**પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી

## સ્વચ્છ પીવાના પાણીની જોગવાઈ

બાંધકામ સ્થળ પર અને રહેઠાણ પર સ્વચ્છ પીવાના પાણીની સુવિધા પૂરી પાડવી જોઈએ અને પાણી BIS ધોરણોને અનુરૂપ હોવું જોઈએ.

કામદારોને સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવું એ માત્ર કાનૂની કે નૈતિક જવાબદારી નથી; તે બાંધકામ ઉદ્યોગમાં જવાબદાર અને માનવીય મૂલ્યોના વ્યવસ્થાપનની પદ્ધતિઓનું એક મૂળભૂત પાસું છે. તે કામદારોની સુખાકારી, સલામતી અને ઉત્પાદકતામાં ફાળો આપે છે, જે આખરે કામદારો અને માલિકો બંનેને ફાયદો પહોંચાડે છે.



▲ બાંધકામ સ્થળ પર સ્વચ્છ પીવાના પાણીની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા




▲ બાંધકામ સ્થળ પર સ્વચ્છ પીવાના પાણીની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટ:** નવી દિલ્હી, દિલ્હી




▲ રહેઠાણ પર સ્વચ્છ પીવાના પાણીની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટ:** જાજપુર, ઓડિશા



▲ બાંધકામ સ્થળ પર સ્વચ્છ પીવાના પાણીની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટ:** પલક્કડ, કેરળ




▲ બાંધકામ સ્થળ પર સ્વચ્છ પીવાના પાણીની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા




▲ બાંધકામ સ્થળ પર સ્વચ્છ પીવાના પાણીની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા



▲ બાંધકામ સ્થળ પર સ્વચ્છ પીવાના પાણીની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** કોલ્હાપુર, મહારાષ્ટ્ર

## સુઘડતા અને સ્વચ્છતા માટે સુવિધાઓની જોગવાઈ

બાંધકામ સ્થળ તેમજ કામદારોના રહેઠાણ પર પુરૂષ અને સ્ત્રી કામદારો માટે સ્વચ્છ, આરોગ્યપ્રદ અને અલગ શૌચાલયની ભલામણ NBC માં કરવામાં આવી છે. તમામ બાથરૂમ અને શૌચાલયમાં મજબૂત કમ્પાર્ટમેન્ટ અને સ્ટોપર સાથેના સારી ગુણવત્તા ધરાવતા દરવાજા હોવા જોઈએ.

બાંધકામ સ્થળો પર કામદારો માટે સુઘડ સ્વચ્છતા સુવિધાઓ એક પાયાની જરૂરિયાત છે. તેઓ આરોગ્યની સુરક્ષા, સલામતી સુનિશ્ચિત કરવા, ઉત્પાદકતા વધારવા અને કાર્યબળમાં ગરિમા અને સુખાકારીને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. સુઘડ સ્વચ્છતા સુવિધાઓની જોગવાઈને પ્રાધાન્ય આપીને, નિયોક્તા તેમના કામદારો માટે તંદુરસ્ત, સુરક્ષિત અને વધુ સન્માનજનક કાર્ય વાતાવરણ ઊભું કરી શકે છે.



▲ રહેઠાણ પર સુઘડ સ્વચ્છતા સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** કોઝિકોડ, કેરળ



▲ બાંધકામ સ્થળ પર સુઘડ સ્વચ્છતા સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી, દિલ્હી



▲ રહેઠાણ પર સુઘડ સ્વચ્છતા સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** પલક્કડ, કેરળ







▲ રહેઠાણ પર સુઘડ સ્વચ્છતા સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા



▲ બાંધકામ સ્થળ પર સુઘડ સ્વચ્છતા સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** ચંબા, એચ.પી.




▲ બાંધકામ સ્થળ પર સુઘડ સ્વચ્છતા સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા



▲ બાંધકામ સ્થળ પર સુઘડ સ્વચ્છતા સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** તુતીકોરીન, તમિલનાડુ



▲ બાંધકામ સ્થળ પર નહાવાની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા



▲ બાંધકામ સ્થળ પર નહાવાની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** મુંબઈ, મહારાષ્ટ્ર



▲ બાંધકામ સ્થળ પર નહાવાની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી




▲ બાંધકામ સ્થળ પર નહાવાની સુવિધાની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** જાજપુર, ઓડિશા

## સ્વચ્છ રહેઠાણની સુવિધાઓની જોગવાઈ

NBCની ભલામણો અનુસાર સ્વચ્છ અને આરોગ્યપ્રદ રહેઠાણની સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. લઘુત્તમ 2.7 મીટરની ઊંચાઈ ધરાવતું સુરક્ષિત અને સ્વચ્છ રહેઠાણ, તેમજ કુદરતી હવા–ઉજાસ, કુદરતી પ્રકાશ અને કૃત્રિમ પ્રકાશની યોગ્ય જોગવાઈ હોવી આવશ્યક છે.

સ્વચ્છ રહેઠાણની સુવિધાઓ પૂરી પાડવી એ માત્ર કાનૂની અને નૈતિક જવાબદારી નથી, પરંતુ તે કામદારોના સ્વાસ્થ્ય, સુખાકારી અને કામની ગુણવત્તા વધારવા માટે કરવામાં આવેલું એક વ્યૂહાત્મક રોકાણ પણ છે. કામદારોને સુરક્ષિત અને આરોગ્યપ્રદ રહેઠાણ ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરીને, એમ્પ્લોયરો એક હકારાત્મક કાર્ય વાતાવરણ ઊભું કરી શકે છે જે કર્મચારીઓના સંતોષ, કાર્યદક્ષતા અને એકંદર સફળતાને પ્રોત્સાહન આપે છે.



▲ કુદરતી પ્રકાશ અને કુદરતી હવા–ઉજાસ સાથે સ્વચ્છ અને સુરક્ષિત રહેઠાણની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** કોઝિકોડ, કેરળ



▲ કુદરતી પ્રકાશ અને કુદરતી હવા–ઉજાસ સાથે સ્વચ્છ અને સુરક્ષિત રહેઠાણની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** કોઝિકોડ, કેરળ



▲ કુદરતી પ્રકાશ અને કુદરતી હવા–ઉજાસ સાથે સ્વચ્છ અને સુરક્ષિત રહેઠાણની જોગવાઈ | **પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી, દિલ્હી



▲ 2.7 મીટરની ઊંચાઈ સાથે સુઘડ સ્વચ્છતા સુવિધાની જોગવાઈ

**પ્રોજેક્ટનું સ્થળ:** હૈદરાબાદ, તેલંગાણા




▲ રહેઠાણ પર રસોડાની સુવિધાની જોગવાઈ

**પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી




▲ કરિયાણાની દુકાનની જોગવાઈ

**પ્રોજેક્ટનું સ્થળ:** નવી દિલ્હી



▲ રહેઠાણ પર જમવાના વિસ્તારની નજીક કચરાપેટીની જોગવાઈ

**પ્રોજેક્ટનું સ્થળ:** પલક્કડ, કેરળ

© GRIHA Council, 2025

પ્રથમ આવૃત્તિ 2025

ટેલિફોન: (+91 11) 46444500/24339606-08)
ઇમેઇલ આઈડી: info@grihaindia.org
વેબસાઇટ: www.grihaindia.org